# એક સંગીતજ્ઞનો કલાપ્રવાસ

ગ્વાલિયર ઘરાનાના વિખ્યાત સંગીત વિશારદ— એક બુલંદ પંડિત-શ્રી કૃષ્ણરાવ પંડિતે એમના ટી.વી.ના 'પ્રતિભા આણિ પ્રતિમા' પ્રોગ્રામમાં એ પ્રોગ્રામના સંચાલક શ્રી અશોક રાનડેને કહ્યું કે "સંગીતનું જ્ઞાન પુસ્તક દ્વારા ન આવી શકે— યુનિવર્સિટીમાં એનાયત થયેલ ડીગ્રી એ સંગીતના જ્ઞાનનો સાચો માપ પૂરો ન પાડી શકે." શ્રી રાનડે પોતે મુંબઇ યુનિવર્સિટીના સંગીત વિભાગના મુખ્ય પ્રાધ્યાપક છે (વળી સંગીતના પી. એચ. ડી. પણ ખરા) એટલે એમણે સારીય વાતને એ દિશાની ચર્ચા તરફથી સરસ રીતે વાળી લીધી.

સંગીત જેવી લલિતકલામાં કૃષ્ણ-રાવ જેવી અભ્યાસનિષ્ઠા અને સાધના આવશ્યક ખરી પણ આજના ધાંધલિયા જીવનમાં જેમ ઘણી આવશ્યક વસ્તુ સુલભ નથી તેમ લલિતકલાની સાધના માટેનો સમય અને શ્રમ પણ સુલભ નથી. આ કારણે જો આપણી યુનિવર્સિટી પોતાની રીતે પણ આ કલાઓને ઉત્તેજી શકે તો તે આવકાર્ય તો ખરું જ. મુંબઇ યુનિવર્સિટીનું સદ્‌ભાગ્ય ગણાવું જોઇએ કે શ્રી અશોક રાનડે જેવા સંગીતજ્ઞની સેવા અને સાધનાનો લાભ એને મળ્યો છે.

આ રાનડે સાહેબ જો માર્ગમાં મળે તો એમના જ્ઞાનના વૈભવનો ખ્યાલ ભાગ્યે જ આવે. પણ કલાનગરના એમના ઘરની લાયબ્રેરીમાં સંગીતકલાના ઝીણવટભર્યા સંશોધનમાં મગ્ન યા યુનિવર્સિટીના ગુરુકુળ જેવા સંગીતવર્ગોમાં યા એમના ઘરે વહેલી સવારે કોઇ રાગ-રાગણીનો રીયાઝ કરતા એમને જોઇએ તો એક સીધા-સાદા મહારાષ્ટ્રીયનની અંદર છૂપાયેલ કલારત્નનો પરિચય

પ્રવાસી વર્ગ અને તેમાંય પાછું મહિલા દશક. ચિત્રગુપ્ત સીસરૂપે આવ્યો હોય અને જે ચીવટથી નોંધ કરે એવી જ ચીવટથી તે ડાયરીમાં નોંધતી હતી— ૨.૧૦ વાગ્યે વિમાન હલ્યું— પ્રથમ નોંધ! ૨-૩૦ વાગ્યે ઉડ્ડાણ શરૂ— બીજી નોંધ! દિલ્હી ક્યારે આવશે તેની માહિતી આપવામાં આવી— ત્રીજી નોંધ. તકલીફની વાત આ તો. વચ્ચે હું 'ટાઇમ' સામયિક વાંચવા ઉભો થયો ત્યારે મને ઉડતો વિચાર આવ્યો કે 'સહપ્રવાસી ટાઇમ વાંચે છે' એવું તો આ બાઇ ન નોંધે ને? આંખોમાં ઉંઘ— મનમાં યાદ અને અપેક્ષા. અલગ અલગ ચહેરાની મારી આસપાસ ગીરદી. અર્ધનીદ્રિત અવસ્થા.

માર્ગના પ્રવાસની વિગતોમાં ઉતરીએ તો કલાપ્રવાસની વાત અધૂરી રહે. આમ છતાં શ્રી રાનડેના વ્યક્તિત્વનો પરિચય આપે એવા એક મિલનની નોંધ તો લેવી જ રહી. "બાજુમાં એક ગરબડીયો ઉત્તર પ્રદેશી વેપારી આવીને બેઠો. હસ્ત-

ફેવમત્સ બીજી તરફ જૂએ તે રીતે અમારું વિમાન તેની તરફ જોતું હતું. અવાજ ફક્ત વિમાનનો. બહાર કશું જ થતું નહોતું. પ્રસન્ન પણ સ્તબ્ધ. વધુ નીચે ઉતરતાં સફેદ પીંજેલો ઢગ. શ્યામલ ઢગના ઢગ. તેના થર પર થર. વચ્ચે વચ્ચે આ ઢગમાં બારી. તેમાંથી નીચે ડોકાવાનું.

મોસ્કો— ચોપાસ બરફ. ઉષ્ણતામાન શૂન્ય નીચે પાંચ. હાથમાં મોજા ચઢાવવા પડ્યા. નિરંજન ઝવેરીએ આપેલ ઓવરકોટ. મેં કપડાં પહેરેલ હતાં કે કપડાંએ મને પહેરેલ એ કહેવું મુશ્કેલ. ભવિષ્યની ચિંતા.

...એવામાં એક ચહેરો દેખાયો. પ્રવાસીઓને નીરખીને જોતો અને પાછો ભારતીય, તેને મળ્યો. "હું અશોક રાનડે" વિગેરે કહેવાનો પ્રયત્ન કરતો'તો ત્યાં જ તેણે દૂતાવાસના ફર્સ્ટ સેક્રેટરીનો— શ્રીનિવાસનો કાર્ડ આપ્યો. સસ્મિત. શ્રીનિ આવી શક્યો નહીં પણ તમારી દુભાષિયણ અહીં જ ક્યાંક હશે. હમણાં શોધી લાવું, એવું કહેતો'તો. આનું નામ નારાયણ. મનમાં વિચાર્યું, "બેટમજી, હવે બધી વાતો કરે છે પણ મેં જ તો તને શોધ્યો. તું મને શોધતો નહોતો. આનું કારણ "આંતર-કલા સંઘર્ષ". એ જ વિમાનમાં ચિત્રપટ નિર્માતાનું એક શિષ્ટમંડળ આવ્યું હતું. દિલ્હીના વર્મા, મદ્રાસના રાવ અને બીજા કોઇક. મારું તો માત્ર 'વન મેન ડેલીગેશન.'

દુભાષિયણ— એગ્નેસ નબાતોના. ત્રીસની. મધ્યમ ઉંચાઇ, ગોરી, કૃશકાય, ધારદાર નાક, આંખ તીક્ષ્ણ, ગોળ ભરાવદાર મુખારવિંદ. મોઢા પર ઠંડી કાર્યક્ષમતા... જીવાની અને ઓસોરિન નામના બે રચનાકાર એક સુંદર વોલ્ગા ગાડીમાં હાજર...જીવાની અંગ્રેજી બોલે પણ 'સીત્કાર વર્ણો' જરા જોરથી ઉચ્ચારે. વચ્ચે વચ્ચે જરા હસી લેતો. મારી જ વયનો. ઓસોરિન વૃદ્ધ. હિન્દી બોલવાની કોશિષ કરતો.

હું પણ રશિયન બોલવાનો પ્રયત્ન કરું. આનંદ આનંદ. એગ્નેસ એક પ્રકારનું રિક્ત સ્મિત કર્યા કરે છે... આ એગ્નેસનો થોડો વધુ પરિચય એ જ્યારે ટોલ્સ્ટોય મ્યુઝિયમમાં ઝાઝો રસ નથી લેતી ત્યારે શ્રી રાનડે કરાવે છે. "...એગ્નેસ વ્યક્તિ જ સંદિગ્ધ. તે એકલી જ રહે. નીચું રક્તદબાણ (લો બ્લડપ્રેશર) અને અનિદ્રાથી એ પીડાય. મા, બાપ અને ચાર ભાંડુ કેન્સરના બલિ બનેલ. એક ભાંડુ પહેલાં બ્લડપ્રેશર અને પછી 'મેંટલ'

(અનુસંધાન પાંચમે પાને)

## મેઘનાદ હ. ભટ્ટ

થાય. પરિચય થોડો ગાઢ થાય તો એક આત્મીય મિત્ર મળ્યાનો સંતોષ થાય.

ગયે વર્ષે શ્રી રાનડેને રશિયાના કલાપ્રવાસે જવાનો મોકો મળ્યો. સામાન્ય રાજદ્વારી નેતા કરતાં જુદા પ્રકારનો આ પ્રવાસ હોવાથી સહજ રીતે જ એમના કલાપ્રવાસની ડાયરીનું વાંચન સંતર્પક રહે. શ્રી રાનડેના એ કલા-પ્રવાસની ડાયરી સાથે અલપઝલપ પરિચય કરી એમના સહયાત્રી બનવાનો અહીં પ્રયાસ કરું છું.

"બૂટ મોજા પહેરતાં ન આવડે તેવા માણસે પરદેશ જવું જોઇએ નહીં..." જે મિત્રોએ ટાઇ બાંધતાં આવી સલાહ આપી, તેઓ શ્રી રાનડેની સાદગીથી પૂરેપૂરા માહિતગાર હોવા જ જોઇએ.

ગરમી, ગરદી, વજન અને એકલા પ્રવાસની નર્વસનેસ— આ બધાના પરિણામનો અનુભવ થયો... બાજુની એક ખુરસી છોડી એક વૃદ્ધા (ઓસ-રિન હશે કદાચ) બેઠેલ. આંતરરાષ્ટ્રીય

ઉદ્યોગની ચીજવસ્તુઓનો રશિયામાં એનો વ્યાપાર. મૂળ મુર્શિદાબાદનો. દિલ્હીના ...નો દોસ્ત. પછી તો ગપ્પા શરૂ. પોતાનું ઘર કેવું છે. એક જાતીના સેમીપ્રેશસ પથ્થરના પેટાળમાં ખરેખર પાણી કેવું અને હજી હમણાં જ જન્મેલ કન્યારત્નનું નામ શું આપવું એ પ્રશ્ન કેટલો જટીલ છે ત્યાં સુધી આ ગઠિયો હાં, હાં, કહેતાં આવી પહોંચ્યો. છોકરીનું નામ 'સુવિદ્યા' રાખ્ય એમ મેં સૂચવ્યું અને સંગીતનું સૌંદર્યશાસ્ત્ર કેવી રીતે વિકાસવું જોઇએ, અવાજ કેળવવા જાલંધર બંધ કેવું ઉપયોગી થાય, પંચમ ત્રણ પ્રકારના કેમ આ બધું તેણે સાંભળ્યું નહીં. બે જ હતા એટલે તે ખુશ થયો. ખૂબ ગાળો ભાંડતાં તેણે 'રિગલ'નો એક પેગ મને પાયો. મનમાં થયું "ન બોલવાના ફાયદા કેટલા" એ વિષય પર બોલવું જોઇએ.

આટલી ઉંચાઇએ આસપાસ માત્ર બે જ રંગ. ભૂરો અને સફેદ. દૂર બીજું એક વિમાન જાણે [illegible] એક

